**Newspaper : Gujarati Midday**

**Article date : 17th February 2018**

**Article regarding Platinum Jubilee Celebration**

# સોમવારે ઊજવાશે પોદાર કૉલેજની પ્લૅટિનમ જ્યુબિલી

## તમામ પ્રેઝન્ટ-પાસ્ટ સ્ટુડન્ટ્સને ષણ્મુખાનંદ હૉલમાં આવવાનું આમંત્રણ



**માટુંગામાં** આવેલી શિક્ષણ પ્રસારક મંડળી સંચાલિત આર. એ. પોદાર કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ ઇકૉનૉમિક્સ ૧૯૪૨માં શરૂ થઈ હતી અને ૧૯ ફેબ્રુઆરીએ ૭૫ વર્ષ પૂરાં કરશે, જેની ઉજવણી સાયન (ઈસ્ટ)ના ષણ્મુખાનંદ હૉલમાં સાંજે સાડાપાંચ વાગ્યે રાખવામાં આવી છે. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે કૉલેજની આટલાં વર્ષોની જર્ની વિશેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ ઈવેન્ટફુલ જર્નીની વાત કરતા સુવેનિયર ‘કલ, આજ ઔર કલ’નું પણ પ્રકાશન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પોદાર કૉલેજમાં ભણી ચૂકેલા તમામ સ્ટુડન્ટ્સને આમંત્રણ આપવામાં આવ્યું છે.

૧૯૪૧માં તત્કાલીન મારવાડી ઉદ્યોગપતિ રામદેવજી આનંદીલાલ પોદારે તેમના ભાઈ રામનિરંજન આનંદીલાલ પોદારની યાદમાં કૉલેજ સ્થાપવા એ સમયે દોઢ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. ૧૫૦ સ્ટુડન્ટ્સ સાથે ૧૯૪૨થી આ કૉલેજ શરૂ થઈ હતી. આ કૉલેજ એના સુંદર બિલ્ડિંગ અને આઇકૉનિક ક્લૉક ટાવરને કારણે પણ પ્રખ્યાત છે. મુંબઈ શહેરમાં કૉમર્સ સ્ટ્રીમમાં જનારો દરેક સ્ટુડન્ટ પોદાર કૉલેજમાં ઍડ્મિશન મળે એવું ઇચ્છતો હોય છે. આટલાં વર્ષોમાં આ કૉલેજે એનું એક આગવું સ્થાન બનાવ્યું છે.

કૉલેજના ભૂતપૂર્વ સ્ટુડન્ટ્સમાં ચીફ જસ્ટિસ રહી ચૂકેલા આર. સી. લાહોટી, સ્પોર્ટ્સ-પર્સન્સમાં ફરોખ એન્જિનિયર, દિલીપ વેન્ગસરકર, રવિ શાસ્ત્રી અને શ્રેયસ અય્યર તથા કમલેશ મહેતાનો સમાવેશ છે. ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ કમલેશ શિવજી વિકમશી, પદ્મશ્રી ભંવરલાલ જૈન અને કૉન્ગ્રેસના નેતા ગુરુદાસ કામત પણ આ કૉલેજમાં ભણી ચૂક્યા છે. સંગીતક્ષેત્રે બૉમ્બે જયશ્રી અને મહાલક્ષ્મી અય્યર ઉપરાંત બૉલીવુડના કલાકારો સની દેઓલ અને શિલ્પા શેટ્ટી પણ આ કૉલેજમાં ભણી ચૂક્યાં છે.